**ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, પરચુરણ વગેરેના નિકાલ અંગેનું ટેન્ડર (Offline)**

**<u>ટેન્ડરની શરતો</u>**

1. ટેન્ડર ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. 1,000/- અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા છે. જે પરત ન આપવાની શરતે "The Registrar Gujarat University" અમદાવાદના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી **તા.19-07-2023 સમય સાંજે 17.00** વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, પરચુરણ વગેરેના નિકાલ અંગેના ભાવ" લોટ નં. 6 એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
5. ટેન્ડર ખોલવાની **તારીખ 20-07-2023 સમય સાંજે 03;00** વાગ્યાનો રહેશે.
6. ઓફરમાં મુકેલ માલસામાન બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ અથવા GUSEC East Wing/ Workshop માઇક્રોબાયોલોજીની સામે સંપર્ક કરવો.
7. માલસામાનના નિરિક્ષણ બાદ અલગ-અલગ ભાવપત્રકમાં તમામ સાધનસામગ્રીનો ભાવ લોટ મુજબ ભરવાનો રહેશે. આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
8. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.
9. જે તે લોટમાં જે બિડરના ભાવ H1 હશે (લોટવાઇઝ) તેનું ટેન્ડર મંજુર કરવામાં આવશે.
10. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.
11. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઇ જવાનો રહેશે.
12. જે ટેન્ડરરનો ભાવ મંજુર થાય અને જાણ કરવામાં આવે એટલે કે વર્ક ઓડર મળ્યા બાદ 3 (ત્રણ) વર્કિંગ દિવસમાં લોટની રકમની 10% રકમ સિક્યોરિટી ડિપોઝિટ પેટે ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરવવાની રહેશે. તેમજ ત્રણ વર્કિંગ દિવસમાં જે તે સરકારી કચેરીમાં GST જમા કરાવી તેની રસીદ યુનિવર્સિટીમાં આપવાની રહેશે તથા લોટની પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ યુનિવર્સિટીમાં જમા

કરાવવાનો રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

13. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ 7(સાત) વર્કિંગ દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ તેર વર્કિંગ દિવસમાં (વર્કઓડર મળ્યા બાદ 3 દિવસ સિક્યોરિટી ડિપોઝિટ ભરવા તેમજ 3 દિવસ લોટ ની રકમ તથા GST ભરવા માટે તથા 7 દિવસ માલ સામાન ઉપાડવા માટે) લોટમાં રહેલ તમામ માલસામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસ રૂ. 2,500/- અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.
14. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઇપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ સિક્યોરિટી ડિપોઝિટની રકમમાંથી વસુલ કરવામાં આવશે.
15. સરકારી નિયમાનુસાર તમામ ચુકવવાપાત્ર વેરા જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
16. ઉપરોક્ત માલસામાનમાં સ્માવિષ્ટ ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાનો રહેશે તેમજ તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ આ અંગે બાહેધરી પત્ર આપવાનો રહેશે.
17. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલ ભંગારના કચરાની સફાઇ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની સિક્યોરિટી ડિપોઝિટની રકમ પરત કરવામાં આવશે.
18. કોઇપણ ભાવ કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઇપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.
19. જે ઇજારદારશ્રી ટેન્ડર ભરવા ઇચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી નો ડિમાન્ડ ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમ સહી સિક્કા સાથેનાં ડોક્યુમેંટ અને તેઓનો ધંધો પ્રોપરાઇટર, પાર્ટનરશિપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામુ આપવાનું રહેશે.
20. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજ્યો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડરરની સહી:- ......................................

સિક્કો:- ................................................

મોબાઇલ નંબર:- .....................................

નામઃ- ………………………………………………

સરનામુંઃ- …………………………………………

આ સાથે સામેલ તમામ શરતોને માન્ય રાખીને આપની સંસ્થા ખાતે રહેલ વેચાણમાં મુકેલ જુની સાધનસામગ્રી, પરચુરણ વગેરે જેમ છે તે હાલતમાં મેળવવા માટેના મારા ઓફર ભાવ નીચે મુજબ છે જે ધ્યાને લેવા વિનંતી છે.

<table>
<tr><th>ક્રમ</th><th>Lot</th><th>Lot No.</th><th>Sub Lot No.</th><th>Lot માં રહેલ સાધન સામગ્રી</th><th>Lot નું લોકેશન</th><th>હયાત જથ્થા મુજબની કુલ કિંમત રૂ.</th></tr>
<tr><td rowspan="3">1</td><td rowspan="3">પરચુરણ</td><td rowspan="3">6</td><td>6.1</td><td>એલ્યુમિનિયમ સેક્શન, કાચ વગેરે</td><td>Industrial Analytical Chemistry વિભાગ માં</td><td rowspan="3"></td></tr>
<tr><td>6.2</td><td>કાચ વગેરે</td><td>ફિઝિકલ એજ્યુકેશન વિભાગ પાછળ</td></tr>
<tr><td>6.3</td><td>પ્લસ્ટિક, ટ્યુબ ફિટિંગ, સિમેન્ટના પતરા વગેરે</td><td>ફિઝિકલ એજ્યુકેશન વિભાગ પાછળ</td></tr>
</table>

ટેન્ડરરની સહી:- .......................................

સિક્કો:- .................................................

1. ટેન્ડરફી રૂ. 1,000/- DD No. …………………. Date ……………………

# <u>બાહેંધરી પત્ર</u>

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ००૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રીના નિકાલ અંગેના માલસામાનમાં સ્માવિષ્ટ જે ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો, તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેંધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહી:- ......................................

સિક્કો:- ................................................

મોબાઇલ નંબર:- .....................................

નામ:- ..................................................

સરનામું:- ..............................................